પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષ:૨૪, અંક:૬૫, કુલ પાના:૪, તારીખ: ૦૫-૧૧-૨૦૨૦ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 65 PRICE :-RS. 1.50 DATE : 05-11-2020
EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
Whatsapp No.9712880678
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર
ઈ-પેપર જોવા વોટ્સએપ પર
નામ લખી મેસેજ કરો.
મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પીરાણા-પીપળજ ખાતેના સાહિલ એન્ટરપ્રાઈઝમાં બોઈલર ફાટતા આગ લાગી હતી

## અમદાવાદમાં કાપડના ગોડાઉનમાં ભીષણ આગ: ૯ લોકો જીવતા ભૂંજાયા





અમદાવાદ,

દિવાળી ટાણે હવે રાજ્યમાં અલગ અલગ જગ્યાએ આગ લાગવાની ઘટનાઓ ફરીથી શરૂ થઈ છે. અમદાવાદમાં કાપડ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હોવાના અહેવાલ મળતા અફડા તફડીનો માહોલ સર્જાયો છે. શહેરમાંના પીરાણા પીપળજ રોડ પર નાનુકાકા એસ્ટેટમાં આવેલા કાપના ગોડાઉનમાં બોઈલર ફાટતા આગ લાગી હતી. બોઈલરના કારણે થયેલો વિસ્ફોટ એટલો પ્રચંડ હતો કે દીવલો પણ ધરાશાયી થઈ હતી. આગમાં અત્યાર સુધી ૯ લોકોના મોત નીપજ્યા છે. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. હજુ પણ કેટલાંક લોકો કાટમાળ નીચે દટાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. આ આગ સાહિલ એન્ટરપ્રાઈઝમાં લાગી હોવાનું સામે આવ્યું છે.

જ્યારે બાજુમાં કાપડની ફેકટરી આવેલી હતી જ્યાં કેટલાક લોકો પૅકિંગનું કામ કરતા હતા. બાજુની કેમિકલ ફેકટરીમાં આગ લાગતા કાપડની ફેક્ટરીનું ધાબુ પડી ગયું અને બાજુની ફેકટરીની આગ કાપડની ફેકટરીમાં ફેલાઈ ગઈ હતી. કાપડના કારણે આગ વધી અને ગંભીર રીતે લોકો દાઝ્યા હતા.

પિપલ રોડ પર આવેલ નાનુકાકા એસ્ટેટના કાપડના ગોડાઉનમાં ૧૧ વાગ્યાની આસપાસ મોટો બ્લાસ્ટ થયો હતો. ગોડાઉનમા બ્લાસ્ટ થતા તેની છત ધરાશયી થઈ હતી. જેથી નીચે કામ કરી રહેલા મજૂરો પર છત પડી હતી. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તેની અસર આસપાસના ગોડાઉન પર પણ થઈ હતી. અડધા કિલોમીટર સુધી બ્લાસ્ટનો અવાજ સંભળાયો હતો. ધડાડો સંભળાતા જ લોકોમા નાસભાગ મચી હતી, અને લોકો સ્થળ છોડીને દોડવા લાગ્યા હતા. આ બ્લાસ્ટ એટલો ભયંકર હતો કે, ગોડાઉનના પત્થરો ચારેતરફ ઉડીને પડ્યા હતા. સમગ્ર વિસ્તારમા પત્થરો ઉડ્યા હતા. તો અન્ય ગોડાઉનની છતના પોપડા પણ ઉખડી ગયા હતા. તો સામેના ગોડાઉનની પાણીની ટાંકી પણ તૂટી પડી હતી. આ ગોડાઉન બટાભાઈ ભરવાડ નામના શખ્સનું હોવાનું સામે આવ્યું છે, તેણે આ ગોડાઉન ભાડે આપ્યું હોવાનું કહેવાય છે.

આગને પગલે ફાયર વિભાગ તાત્કાલિક દોડતુ થયું હતું. ફાયર વિભાગ દ્વારા કાટમાળમાં ફસાયેલા મજૂરોને બહાર કાઢવામા આવ્યા હતા. ફસાયેલા ૯ લોકોને કાટમાળમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. તમામને સારવાર માટે એલજી હોસ્પિટલમા ખસેડાયા હતા. જેમાં ૯ લોકોના મોત નિપજ્યા છે. મૃતકોમાં નજમુનિયા શેખ, રાગિણી ક્રિશ્યન અને જેક્વેલિન ક્રિશ્ચયન હોવાનું સામે આવ્યુ છે. આ મૃતકો કોણ છે તે હજી જાણવા મળ્યું નથી.

આગમાં કેટલાક લોકો ફસાયાની માહિતી સાંપડી રહી છે. પ્રાથમિક સ્તરે માહિતી મળ્યા બાદ ફાયર બ્રિગેડની ૬ ગાડીઓ ઘટનાસ્થળે રવાના થઈ કરાઈ હતી. પરંતુ ધીમેધીમે ઘટનાએ વિકરાળ સ્વરૂપ લેતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુ માટે બોલાવવામાં આવ્યા હતા. હાલ આગ પર કાબૂ મેળવવાની કામગીરી ચાલી રહી છે.

આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે અમદાવાદમાં પીરાણા પાસે ગણેશનગરમાં આવેલા કાપડના ગોડાઉનમાં લાગેલી આગથી ૯ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. પીરાણા પાસે નાનુકાકા એસ્ટેટમાં ગોડાઉનમાં આગ લાગી છે. સ્થાનિક લોકો દ્વારા આ ઘટનાની મળતી માહિતી મળતા ફાયર બ્રિગેડના ૪૦ જવાન રેસ્ક્યુમાં જોડાયા છે. આ ઘટનામાં એક બ્લાસ્ટ થતા ફેકટરીની છત ધરાશાયી થઈ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગઈ કાલે મંગળવારના રોજ અમદાવાદના બહેરામપુરા વિસ્તારમાં આવેલા કાપડના ગોડાઉનમાં પણ આગ લાગી હતી. આ આગ પર કાબુ મેળવવા માટે ૫ ફાયર ફાઈટરને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યાં હતાં. આગની આ ઘટનાને પગલે અનેક લોકોની ભીડ ઘટનાસ્થળે એકત્ર થઈ ગઈ હતી.

## કોરોનાને કારણે ST નિગમ દ્વારા ૩ તબક્કામાં ૪૦-૪૦ પ્રિમીયમ બસો દોડાવવા નિર્ણય



ગાંધીનગર,

દિવાળીના તહેવાર અને મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખીને ગુજરાતના ST નિગમ દ્વારા નવી ૩૪ પ્રિમીયમ વોલ્વો બસો દોડાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે. ચોથી નવેમ્બરથી નવી ૩૪ બસો દોડશે. કોરોનાને કારણે ૩ તબક્કામાં એસટી નિગમ દ્વારા ૪૦-૪૦ પ્રિમીયમ બસો દોડાવવાનો નિર્ણય લેવામા આવ્યો હતો. તે અંતર્ગત હાલમાં ૧૨૦ વોલ્વો સીટર, વોલ્વો સ્લીપર અને બસો દોડી રહી છે ત્યારે દિવાળીને ધ્યાનમાં રાખીને નવી ૩૪ બસો ચલાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે.

જેમાં ગાંધીનગરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વોલ્વો બસ દોડશે. ઉપરાંત દિવમાં પણ મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખીને વોલ્વો સીટર અને સ્લીપર બસ શરૂ કરવામા આવશે. ઉપરાંત ભુજથી સુરત, ભુજથી વડોદરા, મુન્દ્રાથી દિવ તેમજ રાજકોટથી નાથદ્વારા એસી સ્લીપર બસ શરૂ કરવામા આવશે. એટલે કે ૧૮૯ પૈકી ૧૫૪ બસોનુ ઓપરેટિંગ શરૂ થતા મુસાફરોને રાહત રહેશે અને આનુ બુકિંગ પણ શરૂ કરી દેવામા આવ્યુ છે. મુસાફરોને કોરોનાની ગાઈડલાઈને અનુરૂપ પ્રવેશ અપાશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે દિવાળીના તહેવાર અને મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખીને એસટી નિગમ દ્વારા ૪ નવેમ્બરથી વધુ ૩૪ પ્રિમીયમ વોલ્વો બસ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કોરોનાને કારણે એસટી નિગમ દ્વારા ૩ તબક્કામાં ૪૦-૪૦ પ્રિમીયમ બસો દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જે અંતર્ગત હાલમાં ૧૨૦ વોલ્વો સીટર, વોલ્વો સ્લીપર બસો દોડી રહી છે. ત્યારે દિવાળીને ધ્યાને રાખીને વધુ ૩૪ બસો ચલાવવામાં આવશે. જેમાં ગાંધીનગરથી સ્ટેચ્યુ ઓફ યુનિટી વોલ્વો બસ દોડશે. ઉપરાંત દીવમાં પણ મુસાફરોના ઘસારાને ધ્યાને રાખીને વોલ્વો સીટર અને સ્લીપર બસ શરૂ કરાશે. તેમજ ભુજથી સુરત, ભુજથી વડોદરા, મુન્દ્રાથી દીવ તેમજ રાજકોટથી નાથદ્વારા એસી સ્લીપર બસ શરૂ કરવામાં આવશે. જેનું બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે.

## જૂનાગઢમાં ૧૨ વર્ષીય બાળકી પર પરપ્રાંતીય યુવકે આચર્યું દુષ્કર્મ

જૂનાગઢ,

જૂનાગઢના વંથલી પંથકમાં છેલ્લા એક જ અઠવાડિયામાં દુષ્કર્મની બીજી ઘટના સામે આવી છે. બીજા બનાવમાં એક પરપ્રાંતીય યુવાને બાળકી પર દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. પીડિત સગીરાની ઉંમર ૧૨ વર્ષ છે. સગીરા એક દિવસથી ગુમ હોવાથી તેની શોધખોળ આદરવામાં આવી હતી. જે બાદમાં તપાસ કરતા સગીરા આરોપીના ઘરેથી જ મળી આવી હતી. મળતી માહિતી પ્રમાણે આ બનાવ વંથલી વિસ્તારનો છે. જેમાં એક બાળકી એક દિવસથી ગુમ હતી. આ અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તપાસ કરતા બાળકી એક યુવકના ઘરેથી મળી આવી હતી. પોલીસ તપાસમાં બાળકી પર દુષ્કર્મ થયાનો ખુલાસો થયો છે. જે બાદમાં પોલીસે પરપ્રાંતીય યુવકની ધરપકડ કરી છે. પોલીસે યુવાન પર પોક્સોની કલમ પણ લગાવી છે. જૂનાગઢના વંથલી પંથકમાં અઠવાડિયામાં કિશોરી પર દુષ્કર્મની આ બીજી ઘટના છે. ચાર દિવસ પહેલા જ અહીં એક નવ વર્ષની માસૂમ સાથે નજીકના સંબંધીએ જ દુષ્કર્મ આચર્યું હતું. મળતી માહિતી પ્રમાણે વંથલીની હદમાં આવેલા વિસ્તારમા રહેતી નવ વર્ષની માસૂમ બાળકી સાથે તેના મામાની દીકરીના દીકરાએ દુષ્કર્મ આચર્યું હતું.

## રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ



મુંબઈ,

મુંબઈ પોલીસે ન્યૂઝ ચેનલ રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે. પોલીસે અર્નબની તેમના ઘરેથી ધરપકડ કરી હોવાની માહિતી મળી છે. આ પહેલા અર્નબે પોલીસ પર તેમની સાથે મારઝૂડ કરવાનો આરોપ લગાવ્યો હતો.

હાલ એક મોટા સમાચાર સામે આવ્યા છે. મુંબઈ પોલીસે ૫૩ વર્ષના ઈન્ટીરિયર ડિઝાઈનરને કથિત રીતે આત્મહત્યા માટે ઉશ્કેરવા મામલે ન્યૂઝ ચેનલ રિપબ્લિકના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ પોલીસે અર્નબ ગોસ્વામીની તેમના ઘરેથી ધરપકડ કરી છે. જ્યારે બીજી તરફ અર્નબે પોલીસ પર તેમની સાથે મારઝૂડ કરવાનો આરોપ લગાવ્યો છે. માહિતી મુજબ રિપબ્લિક ટીવીએ અર્નબ ગોસ્વામીના ઘરના લાઈવ ફુટેજ પણ દેખાડ્યા જેમાં પોલીસ અને અર્નબ વચ્ચે ઝપાઝપી થતા દેખાઈ રહી છે.

મુંબઈ પોલીસ પર અર્નબે ગુંડાગીરી કર્યા હોવાનો આરોપ લગાવ્યો છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે અર્નબ ગોસ્વામીને તેમના પરિવાર સાથે વાત કરવાની પણ તક ન આપી. ઉપરાંત, દવા આપવાથી પણ રોકવામાં આવ્યા. ત્યાર બાદ અર્નબ ગોસ્વામીને મુંબઈ પોલીસ પોતાની સાથે વાનમાં લઈ ગઈ છે. રિપોર્ટ મુજબ ગોસ્વામીએ મુંબઈ પોલીસ પર ગંભીર આરોપ લગાવ્યો કે પોલીસે તેમના સાસુ-સસરા, દીકરા અને પત્ની સાથે પણ મારઝૂડ કરી છે.

## મહારાષ્ટ્ર સરકારે ઈન્દિરા ગાંધીવાળા કાળા દિવસોની યાદ અપાવી: રૂપાણી



ગાંધીનગર,

રિપબ્લિક ટીવીના એડિટર ઈન ચીફ અર્નબ ગોસ્વામી બુધવારે સવારે મુંબઈ પોલીસે તેમના ઘરે જઈને ધરપકડ કરી લીધી છે. તેમના પર ૨૦૧૮માં એક મા અને દીકરાને આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ છે. આ મુદ્દો હાલ રાજનીતિમાં ગરમાઈ રહ્યો છે. રિપબ્લિક ટીવીના એડિટર અર્નબ ગોસ્વામીની ધરપકડ બાદ ધડાધડ કરીને એક પછી એક રાજકીય નેતાઓએ ટ્વિટ કરવાનું ચાલું કરી દીધુંછે. અમિત શાહ, પ્રકાશ જાવડેકરે, સ્મૃતિ ઈરાની, કંગના રનૌત, દેવેન્દ્ર ફડણવીસે સહિત અનેક દિગ્ગજ નેતાઓએ ટ્વિટ કર્યુ છે. આ સંદર્ભે હવે ગુજરાતના સીએમ વિજય રૂપાણી પણ પાછળ રહ્યા નથી. રાજ્યના સીએમ વિજય રૂપાણીએ ટ્વિટ કરીને જણાવ્યું છે કે, મહારાષ્ટ્ર સરકાર દ્વારા મુંબઈ પોલીસને મોકલીને બળજબરીપૂર્વક ઘરમાં ઘૂસીને અર્નબ ગોસ્વામીની ધરપકડ કરી છે, તે નિંદનીય છે. મહારાષ્ટ્ર સરકારે ઈન્દિરા ગાંધીવાળા કાળા દિવસોની યાદ અપાવી છે, તાનાશાહીનું પાલન કરનાર કોંગ્રેસ તે જ છે જેમણે ૧૯૭૫માં કર્યું હતું. બીજી બાજુ, અર્નબે આરોપ લગાવ્યો છે કે પોલીસે તેમની સાથે મારઝૂડ કરી છે. રિપબ્લિક ટીવીએ અર્નબના ઘરના લાઈવ ફૂટેજ પણ દર્શાવ્યા છે અને અર્નબ સાથે પોલીસની ઝપાઝપી પણ દેખાડવામાં આવી છે. એક્ટર સુશાંત સિંહ રાજપૂતના મોત મામલે અર્નબ અને રિપબ્લિક ટીવીએ મુંબઈ પોલીસની કાર્યવાહી વિશે ઘણા સવાલ ઊભા કર્યા હતા.

## વડાપ્રધાને દર વર્ષે બે કરોડ નોકરીનો વાયદો કર્યો હતો, ક્યાં છે નોકરીઓ?: રાહુલ ગાંધી



પટના,

પૂર્વ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ બિહાર વિધાનસભામાં ચૂંટણી પ્રચારના ભાગરુપે આજે બે રેલીઓને સંબોધિત કરી હતી.

આ રેલીમાં રાહુલ ગાંધીએ પીએમ મોદી અને મુખ્યમંત્રી નિતિશ કુમારને સંબોધીને સવાલો ઉઠાવ્યા હતા.રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, ૬ વર્ષ પહેલા પીએમ મોદીએ કહ્યુ હતુ કે, દર વર્ષે બે કરોડ લોકોને રોજગાર અપાવીશ , ક્યાં છે નોકરીઓ ...નીતિશ કુમારે પણ કહ્યુ હતુ કે, બિહારને બદલી નાંખીશ તો શું બિહાર બદલાયુ...

રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, નોટબંધી વખતે તમે લાઈનમાં ઉભા હતા.તે વખતે કાળુ નાણુ જમા કરનાર કે કોઈ અબજપતિ લાઈનમાં ઉભો નહોતો.પીએમ મોદી કહે છે કે, મેં ખેડૂતોને આઝાદી આપી છે પણ બિહારનો ખેડૂત કેવી રીતે પોતાનો પાક વેચવા જશે, બિહારમાં રસ્તા ક્યાં છે .....

તેમણે કહ્યુ હતુ કે, પીએમ મોદીએ નોટબંધી જેવુ જ લોકડાઉન લાગુ કરી દીધુ હતુ.વગર વિચારે લીધેલા નિર્ણયના કારણે લાખો મજૂરોને પગપાળા ઘરે જવુ પડ્યુ હતુ.છેલ્લા પાંચ વર્ષમાં નિતિશ કુમારે બિહાર માટે કશું કર્યુ નથી.અમારી સરકાર દરેક જાતિ, વર્ગ અને ધર્મની સરકાર હશે.

બિહારમાં સાત નવેમ્બરે અંતિમ તબક્કા માટે મતદાન થવાનુ છે.

**મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....**

**ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.**

**મો.9737024962 / 7778024962**

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**બી. ડી. બારીઆ**

મુ. આગરવાડા, તા. મોરવા (હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**સી. એમ. પટેલ**

મુ. ભાઠા, તા. મોરવા (હ)

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**દેસાઈ રાજુભાઈ કનૈયાલાલ**

મુ. સ્ટેશન રોડ, તા. ગોધરા

### જાહેર ખબર

હડફ સિંચાઈ યોજનાના બાગાયતદારો જોગ હડફ સિંચાઈ યોજનાના પિયત વિસ્તારમાંથી સને. ૨૦૨૦-૨૧ ની રવિ મોસમ માટે સિંચાઈ કરવા માટે બાગાયતદારો પાસેથી અરજી સ્વીકારવા બાબત.

ઉપરોક્ત અરજીઓ તા.૦૭-૧૧-૨૦૨૦ સુધી સ્વીકારવામાં આવશે.

હડફ સિંચાઈ યોજનાના પિયત વિસ્તારના બાગાયતદારોને ખાસ સુચના આપવામાં આવે છે કે પાછલુ સિંચાઈ લ્હેણું તેમજ આગોતરા પિયાવાની રકમ હડફ સિંચાઈ પેટા વિભાગ, મોરવા (હ) ખાતે તા.૦૯-૧૧-૨૦૨૦ સુધીમાં જમા કરાવી તેની પાકી પાવતી મેળવી લેવા વિનંતિ છે. જો પાછલું બાકી લ્હેણું બાકી પડશે તો તેને પાણી મેળવવાનો કોઈ હક્ક રહેશે નહી . પાણી પુરૂ કે અપુરતુ મળેતો વળતર અંગે દાવો કરી શકાશે નહી. સિંચાઈ વટહુકમના આધારે જમીનના પ્રમાણમાં સિંચાઈ માટે ઉપલબ્ધ પાણી વારાબંધી પ્રમાણે દરેક ખેડૂતને મળી રહે તે પ્રમાણેના લાભો આપવામાં આવશે.

દરેક ખેડૂતે પોતાના ઢાળીયા પાણી લેતા પહેલા સાફસફાઈ કરાવવાના રહેશે. પાણીનો દૂર ઉપયોગ થશે તો જે તે ખેડૂતને દંડનીય આકારણી કરવામાં આવશે.

સહકારી ધોરણે વોટર કો.ઓ. સોસાયટીના બનાવેલ સંસ્થાને પણ તેમના જૂથ માટે માંગણાં અગ્રીમતા આપવામાં આવશે. જેની દરેક બાગાયતદારોએ નોંધ લેવા વિનંતી છે.

નાયબ કાર્યપાલક ઈજનેર
હડફ સિંચાઈ પેટા વિભાગ
મોરવા(હ)

(માહિતી/ગોધરા/૪૬૩/૨૦૨૦)

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં આજે ૪ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં આજે ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૪-૧૧-૨૦૨૦ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૧૩૦૫ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૩ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લા માં અત્યાર સુધીમાં કુલ ૧૨૨૪ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૭૨૯૧૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૭ દર્દી ડીસ્ટ્રીગકટ હોસ્પિટલ, લુણાવાડા, ૨૩ દર્દી હોમ આઈસોલેશન, ૦૬ દર્દી લુણાવાડા શિતલ નર્સિંગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૬ દર્દીઓ સ્ટેબલ, ૦૩ દર્દીઓ ઓક્સિજન પર છે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વડાગામ વિસ્તાર ૩૨ના હોમ આઈસોલેશન દર્દીઓની મુલાકાત લેતાં આરોગ્ય કર્મીઓ


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
કોરોનાની મહામારીમાં જિલ્લાના નાગરિકોને કોરોના વાયરસના સંક્રમણથી સુરક્ષિત રાખવા અને રોગ પ્રતિકારક શક્તિમાં વધારો થાય અને તેમની તંદુરસ્તી જળવાઈ રહે તે માટે જિલ્લા કલેકટર આર.બી બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ અને જિલ્લા આરોગ્ય અધિકારી તેમજ જિલ્લા આયુર્વેદિક અધિકારીની રાહબરી હેઠળ આયુષ મંત્રાલયના દિશા નિર્દેશ પ્રમાણે જિલ્લા-તાલુકા અને ગ્રામ્ય સ્તર સુધીના આરોગ્યના કર્મીઓ સતત અવિરતપણે પોતાની ફરજો અદા કરી રહ્યા છે.

આમ છતાં પણ હજુ નાગરિકો તેને ગંભીરતાથી નથી લઈ રહ્યા જેથી નાગરિકોમાં ગંભીરતા આવે અને તેઓમાં જાગૃતિ આવે તેમજ કોરોના વાયરસના સંક્રમણને વધુ ફેલાતો અટકાવી શકાય તે હેતુથી સંબંધિત તાલુકાના લાયઝન અધિકારી, તાલુકા હેલ્થા ઓફિસર, મામલતદારના માર્ગદર્શન હેઠળ વડાગામ પ્રાથમિક આરોગ્યટ કેન્દ્રેના આરોગ્ય કર્મીઓએ વડાગામ વિસ્તાારના હોમ આઈસોલેશન દર્દીઓની મુલાકાત લીધી હતી.

આ આરોગ્ય કર્મીઓએ હોમ આઈસોલેશન કરવામાં આવેલ દર્દીઓના ઘરે જઈને દર્દીઓના આરોગ્યમની ચકાસણી કરી જરૂરી માર્ગદર્શન અને દવાઓ પૂરી પાડી હતી.

હોમ આઈસોલેશનના આ દર્દીઓની મુલાકાત દરમિયાન આરોગ્યવ કર્મીઓ દ્વારા આ દર્દીઓને સોશિયલ ડિસ્ટરન્સીંલગ, માસ્કમની ઉપયોગીતા અને સેનેટાઈઝરના ઉપયોગ વિશે તેમજ માસ્ક પહેર્યા વગર ઘરની બહાર ન નીકળવા અને સોશિયલ ડિસ્ટ્ન્સીંમગનું પાલન કરવા અંગેની પણ સમજ આપવામાં આવી હતી.

## કાલોલ મધવાસ ગામે કંપનીમાંથી નીંદામણ નાશક દવાનું રો મટીરીયલ ની ચોરી

કાલોલ,
કાલોલ તાલુકાના મધવાસ જી.આઈ.ડી.સી.માં આવેલ એગ્રીસર્વ કંપની માંથી અજાણ્યા ચોર ઈસમોએ પ્રોડક્શન વિભાગ મૂકી રાખેલ ખેતીવાડી નીંદામણ નાશક દવાનું રો મટીરીયલ ૫૦૦ કિલો કુલ કિંમત ૧૦,૯૫,૦૦૦/-રૂપીયાની ચોરી કર્યાની ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ તાલુકાના મધવાસ જી.આઈ.ડી.સી.માં આવેલ એગ્રીસર્વ કંપનીના ગેટ નં.૩ થી ચાર અજાણ્યા ચોર ઈસમો પ્રોડકશન વિભાગમાં પ્રવેશ કર્યો હતો અને પ્રોડકશન વિભાગમાં ખુલ્લામાં મૂકી રાખેલ ખેતીવાડીમાં નીંદામણ નાશક માટેની દવાનું ઉત્પાદન કરવા માટેનું રો મટીરચલ (ઓકસીફલોરોફેન) રાખેલ હતો. તેવા પાવડરની ૨૫ કિલોની બેગ નંગ-૨૦ કુલ ૫૦૦ કિલો કિંમત ૧૦,૯૫,૦૦૦/-રૂપીયાનો મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે અજાણ્યા ચોર ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## દિલ્હીથી લંડન જતી એર ઈન્ડિયાની બે ફ્લાઈટ્સ મુકામે પહોંચશે નહીં: ખાલિસ્તાન આતંકીની ધમકી

ન્યુ દિલ્હી,
દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઓથોરિટીને ધમકી મળી છે કે પાંચ નવેમ્બરે દિલ્હી એરપોર્ટથી એર ઈન્ડિયાની બે ફ્લાઈટ્સને લંડન પહોંચવા દેવામાં આવશે નહીં. આ લુખ્ખી ધમકી ખાલિસ્તાન કમાન્ડો ફોર્સના આતંકી ગુરુપતવંત સિંહ પન્નૂએ વોઈસ કોલ્સ દ્વારા આપી હતી.

ધમકી મળ્યા બાદ દિલ્હી પોલીસના એરપોર્ટ ઓથોરિટીએ એલર્ટ જારી કરતા એરપોર્ટની સુરક્ષામાં વધારો કર્યો હતો. આ સિવાય DIAL, એર ઈન્ડિયા, એરપોર્ટ પોલીસ, CISF સિક્યોરિટી યુનિટ અને સ્પેશ્યલ સેલને એલર્ટ પર રાખ્યા છે.

દિલ્હી એરપોર્ટ ઓથોરિટી મુજબ સિખ ફોર જસ્ટિસ નામક એક સંગઠને આ ધમકી આપી હતી કે પાંચ નવેમ્બરે એર ઈન્ડિયાની બે ફ્લાઈટ્સને લંડન પહોંચવા નહીં દે. કારણ કે એરપોર્ટ સેન્સિટિવ પ્લેસ હોય છે જ્યાં રાઉન્ડ ધ ક્લોક સુરક્ષા વ્યવસ્થા હોય છે. આ મુદ્દે એરપોર્ટ ઓથોરિટીએ સમગ્ર એરપોર્ટ પર કડક સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરી દીધી છે.

# મહિસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુતો માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા અંગે

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડુત મિત્રો માટે વર્ષ ૨૦૨૦-૨૧ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે તા. ૦૪-૧૧-૨૦૨૦ થી તા. ૧૭-૧૧-૨૦૨૦ સુધી અને તા. ૧૮-૧૧-૨૦૨૦ થી તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધી એમ બે તબક્કામાં આઈ ખેડુત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેમાં પ્રથમ તબક્કામાં તા. ૦૪-૧૧-૨૦૨૦ થી તા. ૧૭-૧૧-૨૦૨૦ સુધી સામાન્ય જાતિ અને ઓબીસી ખેડુતો દ્વારા અતિ ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો, શાકભાજી પાકોમાં હાઈબ્રીડ બિયારણ, પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ અર્ધ પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ, કાચા મંડપ ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ, મસાલા પાકો (સીડ સ્પાઈસીસ અને રાઈઝોમેટીક સ્પાઈસ), છુટા ફૂલો, ટ્રેક્ટર (20 PTO HP સુધી), ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય વગેરેમાં તથા અનુસુચિત જાતિના ખેડુતો દ્વારા ફળ/શાકભાજી પાકોના હાઈબ્રિડ બિયારણ ખરીદવા ઘટકમાં અરજી ઓનલાઈન કરી શકાશે. જ્યારે નેટહાઉસ -નળાકાર સ્ટ્રક્ચર માટે અને પેકહાઉસ (9 x 6 મી.) ઘટકમાં તમામ ખેડુતો દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે.

બીજા તબક્કામાં તા. ૧૮-૧૧-૨૦૨૦ થી તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધી અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ખેડુતો દ્વારા શાકભાજી પાકોમાં હાઈબ્રીડ બિયારણ, પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ, અર્ધ પાકા મંડપ-વેલાવાળા શાકભાજીના પેડલ, કાચા મંડપ ટામેટા/મરચાં અને અન્ય શાકભાજીના ટ્રેલીઝ, મસાલા પાકો (સીડ સ્પાઈસીસ અને રાઈઝોમેટીક સ્પાઈસ), છુટા ફૂલો, ટ્રેક્ટર (20 PTO HP સુધી), ડ્રીપ ઈરીગેશન માટે પાણીના ટાંકા, નેટહાઉસ-નળાકાર સ્ટ્રક્ચર માટે, બાગાયત પેદાશની પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત પેકીંગ મટીરીયલ્સમાં સહાય, બાગાયતી પાકોમાં વોટર સોલ્યુબલ ખાતરમાં સહાય, વગેરે ઘટકો માટે પોર્ટલમાં અરજી કરી શકાશે.

આ ઉપરાંત ફળ અને શાકભાજીનો બગાડ અટકાવવા નાના વેચાણકારોને વિનામૂલ્યે છત્રી/શેડ કવર પૂરા પાડવા બાબત યોજનામાં તા. ૦૪-૧૧-૨૦૨૦ થી તા. ૩૦-૧૧-૨૦૨૦ સુધી અરજી ઓનલાઈન કરી શકાશે. સરકારની ડીજીટલ એસ.એમ.એસ. સેવાનો લાભ લેવા માટે અરજી કરતી વખતે મોબાઈલ નંબર આપવો આવશ્યક છે. સરકારના આદેશ અનુસાર ઋતુ પ્રમાણે નિયત સમય મર્યાદામાં કામગીરી પુર્ણ કરવાની થાય છે. અરજી ઓનલાઈન કરી જરૂરી સાધનીક કાગળો સાથે દિન -૭ માં કચેરી સમય સુધી અત્રેની કચેરીએ (સરનામુઃ નાયબ બાગાયત નિયામકની કચેરી, મોડાસા રોડ, સરદાર પટેલ સ્કુલ ની બાજુ માં, પ્રથમ માળ,લુણાવાડા,જી-મહિસાગર ટેલીફોન નં. ૦૨૬૭૪-૨૫૦૪૨૫) રજુ કરવાની રહેશે. જેની મહિસાગર જિલ્લાના સર્વે બાગાયતી ખેડુતમિત્રોએ નોંધ લેવા નાયબ બાગાયત નિયામક મહીસાગરની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## અમદાવાદમાં નશીલી કફ સીરપના જથ્થા સાથે એક ઈસમની પોલીસે કરી ધરપકડ



અમદાવાદ,
નશીલી કફ સીરપના જથ્થા સાથે એક આરોપીની દાણીલીમડા પોલીસે ધરપકડ કરી નશાના કારોબારનો પર્દાફાશ કર્યો છે. આ નશીલી કફ સીરપનો જથ્થો આરોપીએ પોતાના મકાનમાં રસોડામાં છુપાવ્યો હતો અને તે જથ્થો છૂટક રીતે લોકોને તથા મેડીકલ સ્ટોરમાં આપવાનો હોવાની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. દાણીલીમડા પોલીસને બાતમી મળી હતી કે તે વિસ્તારમાં રહેતો એક શખસ પોતાના ઘરેથી નશાનો કાળો કારોબાર ચલાવી રહ્યો છે. જેથી દાણીલીમડા પોલીસની ટિમ જે તે સ્થળે પહોંચી હતી. ત્યાં નશાનો વેપાર કરનાર આરોપી વલી મહોમદ પરમાર મળી આવ્યો હતો.

આરોપી તેના પરિવાર સાથે દાણીલીમડામાં રહે છે. પોલીસે બાતમીના આધારે ઘરમાં સર્ચ શરૂ કર્યું તો મકાનના રસોડા માં અનેક પુઠાના બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સમાં જોયું તો કોડેક કફ સીરપની ૯૬૦ બોટલો હતી. આ બાબતે આરોપી પાસે લાયસન્સ માગતા તેની પાસે કોઈ કાયદેસરની પાસ પરમીટ નહોતી. જેથી આરોપી સામે પોલીસે એનડીપીએસનો ગુનો નોંધી લાખો રૂપિયાની કફ સીરપનો જથ્થો કબ્જે કર્યો હોવાનું દાણીલીમડા પીઆઈ એમ એમ લાલીવાલાએ જણાવ્યું હતું. આરોપી આ જથ્થો ક્યાંથી લાવ્યો તે બાબતે પૂછતાં તેણે ગેરકાયદે રાજસ્થાનથી આ માલ લાવ્યો હોવાની કબૂલાત કરી છે.

રાજસ્થાનના છગન મારવાડી નામના વ્યક્તિ પાસેથી તે આ કફ સીરપનો જથ્થો લાવ્યો હતો. પૂર્વના અનેક વિસ્તારોમાં છૂટક વેચાણ કરવા અને અમુક મેડિકલ સ્ટોરમાં આ જથ્થો આપતો હોવાની કબૂલાત કરી છે. આરોપી પાસેથી પોલીસે કફ સીરપ નો ૯૬૦ બોટલનો ૧.૧૦ લાખ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી તપાસ શરૂ કરી છે. જોકે આગમી સમયમાં રાજસ્થાનના છગન મારવાડીની ધરપકડ બાદ અનેક ખુલાસા થવાની પણ શકયતા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૫-૧૧-૨૦૨૦, ગુરૂવાર, નિજ આસો વદ-૫, સૂર્યોદય-૬-૫૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૭-૪૨, આજની રાશિ: મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
૧૨-૦૮થી અભિજીત-૧૨-૫૩ સુધી, ૬-૫૪ થી શુભ-૮-૧૮ સુધી, ૧૧-૦૬થી ચલ-લાભ-અમૃત-૧૫-૧૮ સુધી, ૧૬-૪૨ થી ૧૪-૨૨ સુધી, ૧૬-૧૪ થી ૧૯-૧૦ સુધી

- શુભ હોરા-
૬-૫૪ થી ૭-૫૦ સુધી, ૯-૪૨ થી ૧૨-૩૦ સુધી, ૧૩-૨૬થી ૧૪-૨૨ સુધી, ૧૬-૧૪ થી ૧૯-૧૦ સુધી

## છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૨૫૪ નવા કેસ નોંધાયા, ૫૧૪ લોકોના મોત

# કુલ સંક્રમિતો ૮૩,૧૩,૮૭૬, કુલ મોત ૧,૨૩,૬૧૧, રિકવરી રેટ ૯૨%



ન્યુ દિલ્હી,
કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા મુજબ દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૬,૨૫૪ નવા કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ કેસનો આંકડો ૮૩,૧૩,૮૭૭ થઈ ગયો છે. જેમાંથી ૫,૩૩,૭૮૭ લોકો હજુ સારવાર હેઠળ છે. જ્યારે ૭૬,૫૬,૪૭૮ લોકો સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં કોરોનાથી ૫૧૪ લોકોના જીવ ગયા છે. દેશમાં કોરોનાથી થયેલા કુલ મૃત્યુનો આંકડો ૧,૨૩,૬૧૧ પર પહોંચ્યો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના કુલ ૧૧,૨૯,૯૮,૯૫૯ સેમ્પલ ટેસ્ટ કરાયા છે. જેમાંથી ગઈ કાલે ૩ નવેમ્બરના રોજ ૧૨,૦૯,૬૦૯ સેમ્પલ ટેસ્ટ કરાયા.

સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા દરમિયાન દેશમાં કોરોના વાયરસના એક્ટિવ કેસમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૫૩૩૫૭ દર્દીઓ કોરોનાની બિમારીમાંથી સ્વસ્થ્ય થઈ ગયા છે. દેશમાં રિકવરી રેટ પણ સતત વધી રહ્યો છે જે રાહતની વાત છે. આ સાથે જ આ આંકડો વધીને ૭૬૫૬૪૭૮ સુધી પહોંચી ગયો છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે દેશભરમાં કોરોના વાયરસના એક્ટિવ કેસનો આંકડો ૫૩૩૭૮૭ સુધી પહોંચ્યો છે.

જ્યારથી ઠંડીની મોસમની શરૂઆત થઈ છે, ત્યારથી દરેક કોઈ એવુ જાણવા માંગે છે કે, શુ ઠંડીમાં કોરોનાના કેસ વધશે. એક લેટેસ્ટ રિસર્ચમાં આ સવાલનો જવાબ મળ્યો છે. ભારતીય અમેરિકન રિસર્ચર્સના નેતૃત્વમાં કરવામાં આવેલ એક રિસર્ચમાં દાવો કરવામાં આવ્યો છે કે, કોરોના વાયરસના સંક્રમણમાં તાપમાન કે હ્યુમિડિટીની કોઈ પ્રભાવી ભૂમિકા નથી. ઈન્ટરનેશનલ જનરલ ઓફ એન્વાયર્નમેન્ટલ રિસર્ચ એન્ડ પબ્લિક હેલ્થમાં પ્રકાશિત રિસર્ચમાં સંકેત મળે છે કે, કોરોના વાયરસનુ સંક્રમણ એક વ્યક્તિથી બીજા વ્યક્તિમાં સંક્રમણ સમગ્ર રીતે માનવીય વ્યવહાર પર નિર્ભર કરે છે, ગરમી કે ઠંડીની મોસમ પર નહીં.

દેશમાં ૧૬ સપ્ટેમ્બરથી ૨૨ સપ્ટેમ્બર વચ્ચે દરરોજ સરેરાશ ૯૦,૩૪૬ કેસો સામે આવ્યા, પરંતુ ૨૮ ઓક્ટોબર અને ૩ નવેમ્બર વચ્ચે પ્રતિદિન સરેરાશ ૪૫,૮૮૪ કેસો સામે આવ્યાં છે.

રિસર્ચ કરનારાઓએ જાણ્યું કે, મોસમ માત્ર એ માહોલને પ્રભાવિત કરે છે, જેમાં કોરોના વાયરસ કોઈ નવી વ્યક્તિને સંક્રમિત કરતા પહેલા જીવંત રહે છે. રિસર્ચમાં કહેવાયું કે, ઋતુઓ માણસના વ્યવહારને પ્રભાવિત કરે છે. જેનાથી વાયરસ એક વ્યક્તિથી બીજા વ્યક્તિને સંક્રમિત કરે છે.

## વડાપ્રધાન મોદી આજે ગ્લોબલ ફંડ હાઉસ સાથે મંત્રણા કરશે

ન્યુ દિલ્હી,
આવતી કાલે ગુરૂવારે પાંચમી નવેંબરે શરૂ થઈ રહેલી ગ્લોબલ ઈન્વેસ્ટર રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના અધ્યક્ષપદે વડા પ્રધાન નરેન્દ્ર મોદી બિરાજશે. તેઓ વિડિયો કોન્ફરન્સ દ્વારા આ બેઠકને સંબોધશે. વિશ્વના મોટા મોટા ઈન્વેસ્ટર્સ અને ભારતના ટોચના ઉદ્યોગપતિઓ તેમજ કોર્પોરેટ સેક્ટરના ધુરંધરોને આ પ્રસંગે વરિષ્ઠ નીતિ ઘડનારાઓ સાથે ચર્ચા કરવાની તક મળશે. તેમજ દેશમાં વૈશ્વિક મૂડી રોકાણ વધારવાનાં પગલાં વિશે વિચાર વિનિમય કરવાનો મોકો પણ મળશે. આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનું આયોજન નાણાં મંત્રાલય અને નેશનલ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ (એનઆઈઆઈએફ) દ્વારા કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં કેન્દ્રના નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ, નાણાં ખાતાના રાજ્ય પ્રધાન અનુરાગ ઠાકુર, રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસ સહિત ટોચના અધિકારીઓ હાજર રહેશે. વિશ્વના ૨૦ સૌથી મોટા પેન્શન અને સરકારી નાણાં સંસ્થાઓ સહભાગી થશે. આ લોકોના સંચાલન હેઠળ છ ટ્રીલીયન અમેરિકી ડૉલર્સ જેટલી અસ્ક્યામતો છે. આ આખોય પ્રસંગ ડિજિટલ લેવલે યોજાશે. દેશના ટોચના ઉદ્યોગપતિઓ જેવા કે મુકેશ અંબાણી અને રતન તાતા સહિત અન્યો પણ આ ગોળમેજી પરિષદમાં હાજરી આપશે.

## દિલ્હીમાં કોરોના સંક્રમણની ત્રીજી લહેર આવી ચૂકી છેઃ સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈન



ન્યુ દિલ્હી,
દેશની રાજધાનીમાં એક વાર ફરી કોરોનાના કેસ વધતા જોવા મળી રહ્યા છે. મંગળવારે અહીં ૬૭૨૫ કેસ આવ્યા હતા. જે બાદ દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને કહ્યું છે કે દિલ્હીમાં કોરોનાની સંક્રમણની ત્રીજી લહેર આવી હોવાનું કહેવાઈ રહ્યું છે. તેમણે કહ્યં કે અમે હવે અગ્રેસિવ રીતે ટેસ્ટિંગ કરવાનું શરુ કર્યું છે જે બાદ આંકડા વધતા નજર આવી રહ્ય છે. તેમણે કહ્યું કે આ પહેલા કન્ઝસ્ટડ વિસ્તારમાં ફેલાયેલો હતો. પરંતુ હવે આ અપર કલાસમાં પણ આવી ગયો છે. ત્યારે અપર કલાસના લોકો ખાનગી હોસ્પિટલો વધારે પસંદ કરી રહ્યા છે. જેના કારણે બેડ ભરાઈ ગયા છે.

સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું કે કન્ટેન્ટમેન્ટ જોન વધારવામાં આવી રહ્યા છે. ત્યારે જો ૩-૪ કેસ પણ છે તો ત્યાં કન્ટેનમેન્ટ જોન બનાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત તેમણે કહ્યું કે ખાનગી હોસ્પિટલોમાં ૮૦ ટકા બેડ રિઝર્વ કર્યા હતા જેના પર હઈકોર્ટે મનાઈ ફરમાવી છે. હવે અમે સુપ્રીમ કોર્ટ જઈશું. ત્યારે થોડા સમય પહેલા દિલ્હીના સ્વાસ્થ્ય મંત્રી સત્યેન્દ્ર જૈને રાજધાનીમાં કોરોનાનો સૌથી ખતરનાક સમય આવવાની શક્યતા વ્યક્ત કરી છે. એક્સપર્ટ કમિટીના હવાલાથી જૈને કહ્યું હતું કે આવનારા દિવસોમાં બહું સાવધાનીની જરુર છે.

જોકે સ્વાસ્થ્ય મંત્રીએ વધતા પોઝિટિવિટી રેટ પર કહ્યું કે જે લોકો નિયમોનું પાલન નહીં કરી શકતા તેમને દંડવામાં આવી રહ્યા છે. ઘણી કડકાઈ વર્તી રહ્યા છીએ. પરંતુ ઘણા લોકો એક બીજાને મળી રહ્યા છે. કોઈ પણ પોઝિટિવ આવે છે તો તેના તમામ કોન્ટેક્ટને ટ્રેસ કરવામાં આવે છે.

જે તેના કોન્ટેક્ટમાં છે તે તમામનો ટેસ્ટ કરવામાં આવી રહ્યો છે. એક પરિવારમાં કોઈ એક પોઝિટિવ આવે તો પુરા પરિવારને ઘરે રાખવામાં આવે છે. તેમના ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં ઘણા લોકો પોઝિટિવ આવી રહ્યા છે. તો તેના કારણે પોઝિટિવિટી રેટ વધી રહ્યો છે. ગ્રુપમાં વધારે પડતા લોકો પોઝિટિવ આવી રહ્યા છે.

## દૈનિક રાશીફળ

તા.૦૫.૧૧.૨૦૨૦ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.):-માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાનની ખરીદી થાય. સુખ ઉત્તમ મળે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
વૃષભ(બ.વ.ઉ.):-શારીરિક સુખ, ઉત્તમ, સંતાનસુખ સારું મળે. બુદ્ધિ-વિવેકથી કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.
મિથુન(ક.છ.ઘ.):-નોકરીમાં લાભ, શેર બજારથી લાભ થાય, વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. આનંદ-ઉત્સાહમાં વધારો થાય.
કર્ક(ડ.હ.):-વાહન-મકાન સુખ ઉત્તમ, ભાગ્યોદય ઉત્તમ, નોકરી-ધંધામાં પ્રગતિ થાય. કુટુંબિક વાતાવરણ સુમેળ ભર્યુ બને.
સિંહ(મ.ટ.):-ધંધાનું આયોજન, સફળ બને. કુટુંબ સુખ ઉત્તમ વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય. જમીન ખરીદી થઈ શકે.
કન્યા(પ.ઠ.ણ.):-કુટુંબનો સહકાર મળે. વિવાહ લગ્ન સંબંધિ શુભ સમય, શુભ સમાચાર મળે. સામાજિક જવાબદારીમાં વધારો થાય.
તુલા(ર.ત.):-જમીન-વાહન-મકાનનો યોગ. નાણાંકીય સ્થિતિ ઉત્તમ બને. આરોગ્ય સુખાકારી ઉત્તમ રહે.
વૃશ્ચિક(ન.ય.):-ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ, કુટુંબ સુખ ઉત્તમ મળે. નોકરીમાં લાભ થાય. ધંધાકીય નવું રોકાણ શક્ય બને.
ધન(ભ.ધ.ફ.ઢ.):-રોજગારીની નવી તકો મળે. માનસિક ચિંતા હલવી બને. આકસ્મિક ધનલાભ. વાહન સુખ ઉત્તમ.
મકર(ખ.જ.):-ધંધાનું આયોજન સફળ બને. શુભ સમાચાર મળે. સંતાનસુખ ઉત્તમ મળે. નાણાંકીય દૂર થાય.
કુંભ(ગ.શ.સ.):-કુટુંબ સુખમાં વધારો થાય. શુભ સમાચાર મળે. નોકીર-ધંધામાં પ્રગતિ થઆય. આવકમાં વધારો થાય.
મીન(દ.ચ.ઝ.):-કુટુંબ તરફથી શુભ સમાચાર મળે. શેરબજારથી લાભ. વિવાહ - લગ્ન સંબંધી ઉત્તમ સમય.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
**પંચમહાલ સમાચાર**

## અજય કલાલ ની દુકાન ની અવેજમાં મૂકેલા તમામ બીલો ખોટા કામ થયા વગર જ બીલો મુકાયા, અને રાહુલ જોધા રાઠોડ ના ખાતામાં રકમ જમાં કરવા સહમતી આપી દેવાઈ

ઝાલોદ,

ઝાલોદ નગર પાલિકા કાઉન્સિલર હિરેન પટેલની હત્યા અંગે નગર માં વિવિધ તર્કો ચાલી રહ્યા છે. અને મુખ્ય માથાઓ સુધી પોલીસ એક મહિના નો સમય વિતી જવા છતાં પહોંચી શકી નથી. ત્યારે, હિરેન પટેલની હત્યામાં સોપારી આપનાર અજય કલાલ ના નામે બારોબાર ટ્રાન્સફર થઈ ગયેલી દુકાન ને લઈને વધુ એક ગેરરીતિ બહાર આવી છે.

પાલિકા એ આ દુકાન માં સાટા પદ્ધતિ ના ઉપયોગ ગેરકાયદેસર ગણી અને આ અંગે હાલ નોટિસ પાઠવી અને નાણાં જમા કરવાનું જણાવવામાં આવ્યું છે. ત્યારે આ દુકાન ની અવેજ માં મુકવામાં આવેલા બીલો ના છબરડા પણ સામે આવ્યા છે. જેમાં, દુકાન ની અવેજ માં મુકવામાં આવેલા બીલો જે પણ કામ ના છે. તેમાં એક પણ કામ થયેલ ના હોવાનું હાલ પાલિકા ના ધ્યાને આવ્યું છે. આ કામોમાં બોર, હેન્ડ પંપ, એલઈડી લાઈટ, કેમિકલ તથા બાંધકામ મટીરીયલના બીલોનો સમાવેશ થાય છે.

પાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકર દ્વારા આ અંગે પોલીસ ફરિયાદ દાખલ કરી અને કામો થયાં વિના જ બીલો રજૂ કરી પાલિકા સાથે છેતરપિંડી કરનારાઓ સામે કાયદેસર ની કાર્યવાહી કરવામાં આવશે તેમ હાલ તો લાગી રહ્યું છે. ત્યારે બંધબારણે આ દુકાન નો કબજો પરત આપવાની ઓફર પણ પાલિકા ને મળી છે. તેમ છતાં પાલિકા આ અંગે હાલ તો કંઈ પણ કાચું કાપવાના મૂડમાં લાગી રહી નથી.

### કોના કેટલા બિલ

ઈરફાન બોરવેલ,ઝાલોદ
૧૪,૮૦,૩૦૦/-
ક્રિષ્ના કેમિકલ્સ અમદાવાદ
૩,૧૧,૯૫૦/-
નુરાની સ્ટીલ ફર્નિચર વર્કસ, ઝાલોદ
૨,૫૬,૯૬૭/-
વૈદેહી કંસ્ટ્રકસન, ઝાલોદ
૩,૨૪,૫૦૦/-
મુસ્કાન ટ્રાન્સપોર્ટ એન્ડ સપ્લાયર્સ, દેવગઢ બારિયા
૧૨,૦૬,૭૪૦/-
કુલ ૩૫,૮૦,૪૫૭/-

આ તમામ બિલ જીએસટી કે સી એસટી વગર ના જ હોઈ આ બીલો ખોટા હોવાનું કહેવામાં આવે છે તો સાથે સાથે આ તમામ એજન્સીઓ સામે પણ પાલિકા તંત્ર દ્વારા એક્શન લેવામાં આવશે તથા બ્લેક લિસ્ટેડ કરવામાં પણ આવશે તેમ વિશ્વસનીય સૂત્રો જણાવી રહ્યા છે. ત્યારે પાલિકા માં ગત વર્ષો માં માત્ર એક દુકાન માં જ જો લાખો નો ચૂનો ચોપડવામાં આવ્યો હોય તો, અન્ય કામો માં કેટલી ગેરરીતિઓ કરવામાં આવી હસે તે વિચારવાની બાબત છે.

પાલિકાના ચોપડે એન્ટ્રી બે થી ત્રણ લાખ રૂપિયા દુકાનની અવેજ માં મુકવામાં આવેલા બીલો જ્યારે લાખોમાં છે. ત્યારે પાલિકા ના ચોપડે આ રકમ બે માટે બે થી ત્રણ લાખ ની કુલ ૧૭ જેટલી પહોંચો આપવામાં આવી છે. આ ગેરરીતિમાં પાલિકા નો કાઉન્સિલર જ માસ્ટર માઈન્ડ હોવાની ચર્ચા. આ દુકાન વાળી ગેરરીતિમાં પાલિકા નો જ એક કાઉન્સિલર સામેલ હોવાની ચર્ચાઓ પાલિકા વર્તુળ માં ચર્ચાઈ રહી છે. ત્યારે પાલિકા ના આ કાઉન્સિલર સામે પાલિકા કોઈ પગલાં લેશે તો પાલિકા માં થયેલી આવી અન્ય ગેરરીતિઓ પણ બહાર આવી શકે તેમ છે.

## દાહોદ જીલ્લામાં આજરોજ ૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ,

દાહોદમાં આજે ફરીવાર વધુ ૦૮ કોરોના પોઝીટીવ કેસોની સંખ્યા સાથે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૧૮૨૭ ને પાર પહોંચ્યો છે. આર.ટી.પી.સી.આર.ના ૨૯૯ પૈકી ૦૨ અને રેપિડ ટેસ્ટના ૮૭૫ પૈકી ૦૬ એમ કુલ આજે ૦૮ કોરોના પોઝીટીવ કેસો સામે આવ્યા છે. આ ૦૮ કેસો પૈકી દાહોદમાંથી ૦૭ અને ઝાલોદમાંથી એક કેસોનો સમાવેશ થાય છે. આજે વધુ ૦૫ દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપતા એક્ટીવ કેસની સંખ્યા ૪૩ રહેવા પામી છે ત્યારે અત્યાર સુધી કોરોનાથી મૃત્યુ પામનાર લોકોની સંખ્યા ૭૪ ને પાર પહોંચી ગઈ છે.

## પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠક યોજાઇ


દાહોદ,

દાહોદની પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીની બેઠક નિવાસી અધિક કલેક્ટર એમ.જે. દવેની અદયક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં દાહોદ નગરપાલિકા વિસ્તારના પશુઓના ટેગિગ કરવા, ગૌશાળા-પાંજરાપોળને અપાતી સહાય બાબતની દરખાસ્ત મંજૂર કરવા બાબતની ચર્ચા-સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં પાંજરાપોળના પશુઓને કરાતી સહાય વિશે ચર્ચા-સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં ગત એપ્રીલ-મે, ૨૦૨૦ ના લોકડાઉનના સમયમાં કોવીડની સ્થિતિને ધ્યાને રાખીને દાહોદના ગૌશાળા-પાંજરાપોળના કુલ ૬૯૬ પશુઓ માટે પ્રતિ પશુદીઠ ૨૫ રૂ. લેખે કુલ રૂ.૧૦,૪૯,૨૦૦/- ની સહાય કરવામાં આવી હતી. આ ઉપરાંત ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર મહિના માટે ૯૨૩ પશુઓ માટે ૨૫ રૂ. પશુદીઠ રૂ. ૨૧,૨૨,૯૦૦/- ની સહાય કરવા માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી હતી. પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટી દ્વારા ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં પશુઓ બચાવવા માટેની વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવી રહી છે. જ્યારે હવે નગરપાલિકા વિસ્તારમાં પશુઓને ટેગિગ કરી એ માટેના સોફ્ટવેરમાં નોંધણી કરવા બાબતની કામગીરી હાથ ધરાશે.

બેઠકમાં નાયબ પશુપાલન નિયામક ડો. કમલેસ ગોસાઇ સહિતના અધિકારીઓ, કર્મચારીઓ, પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના સભ્યઓ તેમજ સામાજિક કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા.

## રાજસ્થાન મ્યુ.કો.ચૂંટણી: ૫૬૦ વોર્ડમાંથી કોંગ્રેસનો ૨૬૨ અને ભાજપનો ૨૪૨ વોર્ડમાં વિજય



જયપુર,

રાજસ્થાનનાં ત્રણ મોટાં શહેરોમાં થયેલી મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં કોંગ્રેસે અશોક ગેહલોતની આગેવાની તળે ભાજપને હંફાવ્યો હતો. જયપુર જોધપુર અને કોટાના કુલ ૫૬૦ વોર્ડમાંથી કોંગ્રેસે ૨૬૧ અને ભાજપે ૨૪૨ વોર્ડમાં વિજય મેળવ્યો હતો. ૫૭ વોર્ડમાં સૌને આંચકો લાગે એ રીતે અપક્ષો વિજયી નીવડ્યા હતા. આ રીતે છ કોર્પોરેશનમાંથી ત્રણમાં કોંગ્રેસે વિજય પ્રાપ્ત કર્યો હતો. બે કોર્પોરેશન ભાજપ કને રહ્યા હતા અને એકમાં અપક્ષોનો દબદબો રહ્યો હતો.

એક વર્ષ પહેલાં મુખ્ય પ્રધાન અશોક ગેહલોતે બે નિગમ-બે મેયરનો માસ્ટર સ્ટ્રોક માર્યો હતો જે કામિયાબ નીવડ્યો હતો. ગયા વરસે ઓક્ટોબરની ૧૪મીએ સત્તા પર આવતાં વેંત કોંગ્રેસની સરકારે ત્રણ કોર્પોરેશનને છમાં તબદીલ કર્યા હતા. ત્રણે શહેરોનાં કુલ ૨૨૧ વોર્ડને ૫૬૦ વોર્ડમાં પરિવર્તિત કર્યા હતા. જો કે એ વખતે ભારે વિરોધ અને હો હા થયાં હતાં. પરંતુ ગેહલોતે કોની વાત સાંભળી નહોતી.

હવે ગેહલોતે લીધેલું પગલું કોંગ્રેસ માટે વિજયનું નિમિત્ત બન્યું હતું. છ નગર નિગમમાં જયપુર હેરિટેજ વોર્ડમાં કોંગ્રેસનો વિજય થયો હતો જ્યારે જયપુર ગ્રેટરમાં ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી. જોધપુર ઉત્તરમાં ભાજપ અને દક્ષિણમાં કોંગ્રેસ મોખરે રહ્યો હતો. કોટામાં ઉત્તરમાં કોંગ્રેસની આગેકૂચ હતી જ્યારે દક્ષિણમાં કોંગ્રેસ અને ભાજપ સરખી બેઠકો જીત્યા હતા. અહીં અપક્ષોનો દબદબો રહ્યો હતો.

## દે.બારીઆની "આહાર" ટ્રસ્ટના તમામ લાભાર્થીઓને ધાબડા સાથે તમામ કીટ વિતરણ



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,

દેવગઢ બારીઆ શહેરમાં આહાર સંસ્થા ગરીબો માટે જીવાદોરીન સમાન ચાલે છે આહાર ટ્રસ્ટના પ્રેસીડેન્ટ નિકુંજભાઈ સોનીની અથાગ મહેનતના કારણે ગરીબ વિધવાઓ, ત્યકતા તથા વિકલાંગોને આહારના રસોડામાંથી દિવસે દરરોજ કુલ ડીશમાં ટીફીન ભરી આપવામાં આવે છે. જેથી તમામ લાભાર્થીઓ નિકુંજભાઈ સોનીને કોટી કોટી આર્શીવાદ આપે છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આહારના પટાંગણમાં તા.૦૪.૧૧.૨૦ને બુધવારના રોજ સવારે ૧૦ કલાકે પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેના મુખ્ય મહેમાન તરીકે રાજવીકુટુંના ગજવિજયસિંહ (બાબા) હતા. તેમના હસ્તે તમામ લાભાર્થીઓને ધાબડા સાથે તમામ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કીટમાં ન્હાવાનો, સાબુ, વેસલીન, બોડીલોશન, ટુથબ્રસ સાથે ટ્યુબ તથા કાંસકો, કોપરેલની શીશી સામેલ હતી. તેમજ આહાર રસોડામાં સેવા બજાવતી બહેનોને ૧-૧ સાડી સાથે ટબની ભેટ આપવામાં આવ્યા હતા. તમામ લાભાર્થીને દાળ, ભાત, શાક, રોટલી ગરમા ગરમ ટીફીનમાં ભરી આપ્યા હતા. જેમાં ૧૮ વિકલાંગો, ૯૭ વિધવા, ૪૧ ત્યક્તા અન્ય લાભાર્થી ભાઈ તથા બહેનો પ્રોગ્રામમાં સરકારની ગાઈડ લાઈન મુજબ સોશ્યલ ડીસ્ટન્સનો ખાસ ખ્યાલ રાખી પ્રોગ્રામને સફળ બનાવ્યો હતો.

## લીમખેડાના પાલ્લી ગામે ત્રણ મહિલાઓ પાસેથી ૩૦ હજારનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

લીમખેડા તાલુકાના પાલ્લી ગામે ત્રણ મહિલાઓ પોતાની સાથે મીણીયાના થેલામાં વિદેશી દારૂની જથ્થો ભરી હેરાફેરી કરવા નીકળી હતી. આ દરમ્યાન પેટ્રોલીંગમાં નીકળેલ પોલીસને શંકા જતાં થેલાઓની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૮૮ કિંમત રૂા.૩૦,૨૪૦ ના પ્રોહી જથ્થા સાથે ત્રણેય મહિલાઓની અટક કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાહોદ તાલુકાના ખંગેલા ગામે મોટા ફળિયામાં રહેતા કવિતાબેન જેમાલભાઈ મેડા,રીશાબેન સંજયભાઈ મેડા અને ટીનાબેન પંકજભાઈ મેડા આ ત્રણેય મહિલાઓ ગત તા.૦૩ નવેમ્બરના રોજ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે ઉભા હતા અને પોતાની સાથે મીણીયાના થેલામાં વિદેશી દારૂ ભરી હેરાફેરી કરતાં હતા. આ દરમ્યાન ત્યાંથી પસાર થતી પોલીસને શંકા જતાં મીણીયાના થેલાઓની તલાસી લીધી હતી અને થેલાઓમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ.૨૮૮ કિંમત રૂા.૩૦,૨૪૦ ના પ્રોહી જથ્થા સાથે ત્રણેય મહિલાઓની અટક કરી પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદની નાની સીમળખેડી ગામેના BSF જવાનનું બિહાર ચુંટણી ફરજ થી પરત ફરતા માર્ગ અકસ્માતમાં મોત



દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના નાની સીમળખેડી ગામના રહેવાસી અને બીએસએફ જવાન એવા રમેશભાઈ સોમાભાઈ કિશોરી બિહારમાં ચુંટણીની કામગીરીમાં ફરજ બજાવી પરત ફરી રહ્યા હતા. તે વેળાએ રસ્તામાં માર્ગ અકસ્માત નડતાં તેઓનું મોત નિપજયાંની ખબરો સાથે જ પરિવાર સહિત બી.એસ.એફ.આલમમાં ગમગમીની છવાઈ ગઈ હતી. આ બી.એસ.એફ. જવાનના મૃતદેહને વતન નાની સીમળખેડી લાવવામાં આવ્યાં હતો અને જયા ગાર્ડ ઓફ ઓનર સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. આ અંતિમ યાત્રામાં ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા અને સૌ કોઈની આંખો અશ્રુભીના આંસુઓથી છલકાઈ ગઈ હતી.

નાની સીમલખેડી ગામે રહેતા રમેશભાઈ સોમાભાઈ કિશોરી છેલ્લા ઘણા સમયથી બી.એસ.એફ. જવાન તરીકે ફરજ બજાવી રહ્યા હતા. બિહારમાં ચુંટણીનો માહોલ હોઈ પોલીસ ફોર્સ સહિત બી.એસ.એફ.ના જવાનોને આ ચુંટણીની કામગીરીમાં ફરજ બજાવવા બંદોબસ્તમાં જવું પડ્યું હતું. જેમાં રમેશભાઈ કિશોરી પણ બિહારની ચુંટણી કામગીરીમાં ફરજ બજાવવા નીકળ્યા હતા. જ્યાંથી ફરજ બજાવી પરત ફરતી વેળાએ રસ્તામાં રમેશભાઈ કિશોરીને માર્ગ અકસ્માત નડતાં તેઓનું કરૂણ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ પોલીસ મીત્રો સહિત બી.એસ.એફ. સ્ટાફને થતાં તેઓ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મૃતક રમેશભાઈના મૃતદેહને લઈ વતન નાની સીમલખેડી મુકામે આવવા રવાના થયા હતા. મૃતદેહ લાવવાની સાથે જ પરિવારજનોમાં આક્રંદનો માહોલ પણ સર્જાયો હતો. આ દુઃખ સમાચાર વાયુવેગે ગ્રામજનોમાં ફેલાતા ગ્રામજનોના ટોળે ટોળા આ બી.એસ.એફ. જવાનના ઘર તરફ દોડી ગયા હતા. વતન લાવ્યા બાદ મૃતક રમેશભાઈ કિશોરીની અંતિમયાત્રા ગામમાં નીકળી હતી અને આખુંયે ગામ આ અંતિમ યાત્રામાં જોડાયું હતું અને ગ્રામજના હિબકે ચઢ્યું હતું. સ્મશાનમાં લાવ્યા બાદ આ બી.એસ.એફ. જવાન રમેશભાઈને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનની સાથે અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા.

## દે.બારીઆ ગામની પરણિતાને સંતાન ન થતાં શારીરિક માનસીક ત્રાસ આપતાં પતિ અને સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ,

અમદાવાદ રહેવાસી અને દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ મુકામે લગ્ન થયેલ ૨૬ વર્ષીય પરણિત મહિલાને સંતાનમાં પુત્ર ન થતાં પતિ તથા સાસુ દ્વારા શારિરીક તેમજ માનસીક ત્રાસ આપી મારઝુડ કરતાં હતા અને દહેજ પેટે રૂપીયા પાંચ લાખની માંગણી કરી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં આવા ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ન્યાયની ગુહાર માટે દાહોદ મહિલા પોલીસના દરવાજા ખટખટાવ્યાનું જાણવા મળે છે.

અમદાવાદમાં હંસપુરા નરોડા ખાતે રહેતી ૨૬ વર્ષીય જાનકીબેન રાહુલભાઈ ડબગરના લગ્ન આજથી સાતેક વર્ષ અગાઉ દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ મુકામે બસ સ્ટેશનની પાછળ આવેલ રાણીવાવ ફળિયામાં રહેતા રાહુલભાઈ મનુભાઈ ડબગર સાથે સમાજના રિતી રિવાજ મુજબ થયા હતા. લગ્નના પાંચેક વર્ષ સારૂ રાખ્યા હતુ અને આ દરમ્યાન જાનકીબેનને સંતાનમાં બે પુત્રીઓ થઈ હતી. આ બાદ પતિ રાહુલભાઈ તથા સાસુ કપીલાબેન મનુભાઈ ડબગર દ્વારા જાનકીબેનને અવાર નવાર મેણા ટોણા મારી તને તો છોકરીઓ જ થાય છે, બીજી બૈરી લાવવાની છે, તેમ કહી હેરાન પરેશાન કરી રૂપીયા પાંચ લાખના દહેજની માંગણી પણ કરતાં હતા અને તું મને ગમતી નથી, તું તારા બાપાના ઘરે જતી રહે તેમ કહી મારઝુડ કરી, મારી નાંખવાની પણ ધાકધમકીઓ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા છેલ્લા કેટલાક સમયથી પોતાના પિયર અમદાવાદ મુકામે રહેતી હોય છે અને ન્યાયની આશા સાથે દાહોદ પોલીસ મથકે પતિ તથા સાસુ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસનો આરંભ કર્યો છે.

## રૂપાણી સરકાર ટુ-વ્હિલરની ખરીદી પર આપશે ૧ ૨ હજારની સબસીડી



અમદાવાદ,

રાજ્યના વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગને પ્રેરિત કરતી સહાય યોજના સીએમ રૂપાણીએ જાહેર કરી છે. આ સહાય યોજના અન્વયે રાજ્યના ધોરણ-૯થી લઈને કોલેજ સુધીનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ વ્હીલર ખરીદવા સરકાર ૧૨૦૦૦ રૂપિયાની સહાય આપશે. આ સહાય ૧૦,૦૦૦ વાહનોને આપવાનો લક્ષ્યાંક છે. રાજ્યના વિવિધ નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતું વાયુ પ્રદૂષણ અટકાવવા ઈલેકટ્રીક વાહનોના ઉપયોગ કરનારાઓને રૂા. ૧૨૦૦૦ની સહાય આપવાની મુખ્યમંત્રી વિજય રૂપાણીએ અગાઉ જાહેરાત કરી હતી. અગાઉ બેટરી સંચાલિત ટૂ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ માટે સહાય યોજના જાહેર કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે,

ઈલેકટ્રીક ટૂ-વ્હીલર ખરીદવા વિદ્યાર્થીઓને રૂ. ૧૨ હજારની સહાય આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ગુજરાતના નગરો-શહેરોમાં વાહનોથી ફેલાતા વાયુ પ્રદૂષણને અટકાવવા બેટરી સંચાલિત ટુ વ્હીલર-થ્રી વ્હીલરના ઉપયોગ વધુ પ્રમાણમાં લોકો કરતાં થાય તે માટે ઉપરોક્ત યોજના જાહેર કરવામાં આવી છે. ગુજરાત રાજ્યની શાળાઓમાં ધોરણ ૯થી ૧૨ તથા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી. વિદ્યાર્થી દીઠ ફક્ત એક જ અરજી કરવાની રહેશે.

જેડા દ્વારા અધિકૃત ઉત્પાદકોના ડીલર્સ તથા જેડાની વેબસાઈટ પ્ત્રીજ્ઞ્ઠ.પ્ત્રેદ્વટ્ટર્ફ્રિ.ર્પ્ટદ્રૈ.હ. બોનાફાઈડ સર્ટીફિકેટ, (વર્ષ ૨૦૨૦-૨૧) મૂળ અથવા સ્કેન કરેલી નકલ અથવા સ્વ. પ્રમાણિત કરેલ અગાઉના વર્ષની માર્કશીટની નકલ, ૨). સ્વ-પ્રમાણિત કરેલ વિદ્યાર્થીના આધાર કાર્ડની નકલ, ૩) વિદ્યાર્થીનું સક્ષમ અધિકારીએ આપેલ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ/ દિવ્યાંગ, ગરીબ, અતિગરીબ, બિન અનામત વર્ગના આર્થિક પછાત સંબંધિત પ્રમાણપત્રની સ્વપ્રમાણિત નકલ (લાગુ પડતું હોય તો) ૪). ડ્રાઈવીંગ લાસન્સની સ્વ.પ્રમાણિત નકલ (ફક્ત બેટરી સંચાલિત હાઈ સ્પીડ વાહનો માટે)

અરજીપત્રક ઉત્પાદક તથા મોડેલની પસંદગી કરીને તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં પસંદ કરેલ ઉત્પાદકોના ડીલર્સ, જેડા કચેરીમાં જમા કરાવવાનું રહેશે. આગળના વર્ષમાં મેળવેલ પરીક્ષાનું ગુણાંક, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, દિવ્યાંગ, સામાજીક આર્થિક મોજણી અંતર્ગત જાહેર કરેલા ગરીબ, અતિગરીબ તથા બિન અનામત વર્ગના આર્થિક પછાત વિદ્યાર્થીઓ.

## કેરળ પણ મહારાષ્ટ્રના માર્ગે: મંજૂરી વગર CBIને 'નો એન્ટ્રી



તિરુવનંતપુરમ્,

કેરળ સરકારે રાજ્યની સરહદની અંદર કામ કરવા માટે કેન્દ્રીય તપાસ એજન્સી CBIને આપવામાં આવેલી સહમતિને પરત લેવાનો નિર્ણય કર્યો છે. તપાસ એજન્સીએ હવે કેરળમાં કેસ દાખલ કરતા પહેલા રાજ્ય સરકારની મંજૂરી લેવી પડશે.

બિન-ભાજપ શાસિત રાજ્ય પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી હવે કેરળ પણ આ યાદીમાં સામેલ થઈ ગયું છે. બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે તાજેતરમાં જ લાઈફ મિશન હાઉસિંગ પ્રોજેકટમાં સીબીઆઈએ કેસ દાખલ કર્યો હતો, જે રાજ્ય સરકાર તરફથી બેઘર લોકને ઘર આપવાની મુખ્ય યોજના હતી.

'લાઈફ મિશન' પ્રોજેક્ટમાં કથિત વિદેશી અંશદાન કાયદાના કથિત ઉલ્લંઘન અને ભ્રષ્ટાચાર કેરળમાં મોટો રાજકીય મુદ્દો બન્યો છે. વિપક્ષ નેતા રમેશ ચન્નીથલાએ આરોપ લગાવ્યો છે કે સોનાની તસ્કરી કેસમાં મુખ્ય આરોપી સ્વપ્રા સુરેશે એનઆઈએ કોર્ટની સામે સ્વીકાર કર્યો છે કે તેને આ પ્રોજેક્ટમાંથી એક કરોડ રૂપિયા કમિશન મળ્યું છે. વિપક્ષ તરફથી આરોપ લગાવવામાં આવ્યો છે કે રેડ ક્રિસેન્ડ તરફથી કોન્ટ્રાક્ટરની પસંદગી કરવામાં ભ્રષ્ટાચાર થયો હતો. આંતરરાષ્ટ્રીય સંગઠને રેડ ક્રિસેન્ટે લાઈફ મિશન પ્રોજેક્ટ માટે ૨૦ કરોડ રૂપિયાનું ફંડન આપવા માટે સહમતિ બતાવી હતી.

બીજી તરફ કેરળ હાઈકોર્ટે બેઘર થયેલા લોકોને મકાન પૂરા પાડતી રાજ્ય સરકારની લાઈફ મિશન યોજનામાં કથિત કૌભાંડની સીબીઆઈ તપાસ પર મંગળવારે બે મહિના માટે મનાઈ ફરમાવી દીધી હતી. જસ્ટિસ વી.જી. અરુણે કેરળ સરકારની અરજી પર તપાસ પર બે મહિના સુધી રોક લગાવવાને મંજૂરી આપી દીધી હતી. સરકારે સીબીઆઈ તરફથી દાખલ કરવામાં આવેલા પ્રાથમિક રિપોર્ટને રદ કરવાનો અનુરોધ કરવામાં આવ્યો છે. જોકે, કોર્ટે કેન્દ્રીય તપાસ એજન્સી મામલામાં એક ખાનગી કંપની વિરુદ્ધ તપાસ ચાલુ રાખવાની છૂટ આપી છે.

## ચાંદખેડાથી ઝુંડાલ રોડ પર આવેલી નર્મદા કેનાલમાં ગંદકી

અમદાવાદ,

અમદાવાદના ચાંદખેડાથી ઝુંડાલ રોડ પર આવેલી નર્મદા કેનાલમાં ગંદકી જોવા મળી રહી છે. નોંધપાત્ર છે કે ગણેશોત્સવ, શ્રાવણ માસ, વ્રત અને નવરાત્રિ પછી કેનાલના બંને છેડે પૂજાપાના ઢગ જોવા મળી રહ્યા છે. સરદાર સરોવર નર્મદા નિગમ દ્વારા કેનાલ પાસે જાહેર ચેતવણીના બોર્ડ પણ લગાડવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે તેમ છતાં લોકો આ ચેતવણીને ઘોળીને પી જાય છે. લોકો આપઘાત ન કરે તે માટે લગાવવામાં આવેલી જાળીઓ પણ લોકોએ કચરો કેનાલમાં ફેકવા માટે તોડી દીધી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 65

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## દિવાળી પૂર્વે એકાએક પાંચ દિવસનું સફાઇ કામદારોનું અલ્ટીમેટમ

# ગોધરામાં તહેવારોમાં સફાઈ કામગીરી ઠપ્પ કરી દેવાની ચિમકીથી પાલિકામાં દોડધામ




ગોધરા,
ગોધરા નગર પાલિકામાં કરાર આધારીત ૬૬ સફાઈ કામદારોના પાંચ વર્ષ પુર્ણ થઈ ગયેલ હોવા છતાં પુરા પગારમાં સમાવેશ કરેલ નથી. જેથી તેઓને પુરા પગારમાં સમાવેશ કરવા તથા છેલ્લા ત્રણ માસના ચઢેલા પગાર ચુકવવા આગામી દિવાળીના મહાપર્વ નિમિતે તેઓને અડવાન્સ તેમજ સરકારના નિયમોનુસાર બોનસ આપવની માંગ કરાઈ છે. જો પાંચ દિવસમાં પ્રશ્નોનો નિકાલ નહીં આવે તો ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવાની ૫ દિવસનું અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. તહેવારોમાં સફાઈ કામગીરી ઠપ્પ કરી દેવાની ચિમકીથી પાલિકામાં દોડધામ મચી ગઈ છે.

સફાઈ મજૂર સંઘ પંચમહાલ-દાહોદે કરેલી રજુઆતમાં જણાવ્યું હતું કે, કરાર આધારીત ૬૬ સફાઈ કામદારોની નગર પાલિકા ગોધરા દ્વારા તા.૦૬/૦૭/૨૦૧૫ થી ૦૫/૦૬/૨૦ સુધી પાંચ વર્ષની મુદત માટે નિમણૂંક કરવામાં આવેલી હતી અને ફિક્સ પગારની નીતિ અનુસાર આ ૬૬ સહાયક સફાઈ કામદારોને ચૂકવવામાં આવે છે. જેમાં પાંચ વર્ષ પૂર્ણ થયેથી સફાઈ કામદારોને પૂરા પગારમાં સમાવેશ કરવા માટે જે શરતો અને બોલીઓ લેખિતમાં નગર પાલિકા દ્વારા મુદ્દાનં.(૧૯)માં જણાવ્યા પ્રમાણે આ યોજના હેઠળ નિમણૂંક મેળવેલ ઉમેદવારની પાંચ વર્ષની સેવાઓ/ફરજો સંતોષકારક જણાય તો પાંચ વર્ષ બાદ તેઓને જે તે સંવર્ગના નિયમિત પગાર ધોરણમાં લુઘતમ પગારમાં નિયમિત નિમણૂંક આપવાની રહેશે. એટલે કે પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તિત થયેથી ગણાશે. પરંતુ આ નિમણુંક તેમની નવી નિમણુંક ગણાશે અને તે સમયે નિયમોનુસાર મળવાપાત્ર ભથ્થા/સવલતો મળવાપાત્ર થશે.

હાલ સત્તાધિશો દ્વારા મૌખિકમાં એવું કહેવામાં આવે છે હાજરીના દિવસો પૂરા થતા નથી. જેથી દરેક કર્મચારીના દિવસો પુરા થયા બાદ તમોને પુરા પગારમાં કાયમી નિમણૂંક આપીશું. પરંતુ સરકાર દ્વારા એવો ઠરાવ કે પરિપત્રો કરવામાં આવ્યા નથી કે, પોતે નગર પાલિકાએ જ મુદ્દા નં.(૧૯)માં સ્વીકાર કરેલ છે કે, પાંચ વર્ષ બાદ જે તે જગ્યાઓ પુરા પગાર ધોરણમાં આપોઆપ પરિવર્તિત થયેલી ગણી પુરા પગારમાં સમાવેશ કરી કાયમી કર્મચારીનો હુકમ આપવા જોઈએ.

આ કરાર આધારિત ૬૬ સહાયક સફાઈ કામદારોની નિમણૂંકોને તા.૦૫/૦૬/૨૦૨૦ના રોજ પાંચ વર્ષનો સમયગાળો પૂર્ણ ગઈ ગયેલ છે. તો તા.૦૬/૦૬/૨૦૨૦ થી જે તે તારીખે પુરા પગારમાં સમાવેશ કરવા હુકમ કરે ત્યાં સુધીના તફાવતના નાણાં ગોધરા નગર પાલિકા દ્વારા બાકી હોવાથી ૬૬ સફાઈ કામદારોને ચુકવવા વિનંતી છે.

છેલ્લા બે માસના ચઢેલા પગારો વહેલામાં વહેલી તકે કરી સફાઈ કામદારોને દિવાળી જેવા તહેવારોમાં કપડા, મીઠાઈ તેમજ અન્ય ચીજવસ્તુઓની ખરીદી કરવાની હોઈ જેથી વહેલી તકે ચઢેલા પગારો કરવા જોઈએ.

હાલમાં આગામી દિવસોમાં દિવાળી જેવા મહાન ધાર્મિક તહેવારો આવતા હોઈ જેથી સરકારની જોગવાઈઓ અનુસાર બોનસની રકમ તેમજ સફાઈ કામદારોને એડવાન્સની રકમ આપવા વિનંતી છે. રોજમદાર તેમજ કાયમી સફાઈ કામદારોને મળવાપાત્ર સફાઈના સાધનો જેવાં કે, ઝાડુ, કચરાં ભરવા માટેની ગાડી, પાવડા, તગારા, સુપડી વગેરે વહેલી તકે પૂરા પાડવા. હાલ શિયાળાની ઋતુ શરૂ થતાં ગરમ જર્શી કે સ્વેટર આપવા તેમજ બુટ, ચંપલ વિગેરે આપવા.

વધુમાં જણાવ્યું હતું કે, આ તમામ સફાઈ કામદારોએ જયારે કોરોના જેવી ગંભીર બિમારીના કપરા સમયમાં આ કોરોના વોરીયર્સોએ પોતાનો તથા પોતાના પરિવારનો જીવ જોખમમાં મૂકી નગરની સફાઈ સેવા એક દિવસ પણ બંધ રાખ્યા વિના પોતાની કર્મનિષ્ઠ ભૂમિકા અદા કરી હતી અને જયારે આવા કર્મનિષ્ઠ કર્મચારીઓને પાંચ વર્ષ જેટલો સમય પૂર્ણ કરતા કાયમી સફાઈ કામદારો તરીકે પૂરા પગારમાં સમાવેશ કરવા અંગે નગર પાલિકા મનસ્વી વલણને કાયદાની આંટી ઘૂંટી બતાવે છે તે ખરેખર અન્યાય છે. જેથી કામદારોના પ્રશ્નોનો તાત્કાલિક નિકાલ લાવવામાં નહીં આવે તો પાંચ દિવસમાં કોઈપણ જાતની નોટીસ વિના અમારા હકકો માટે ગાંધી ચિંધ્યા માર્ગ અપનાવીને ગોધરા શહેરની સફાઈ બંધ કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવતાં પાલિકામાં દોડધામ મચી જવા પામી છે.

### ઓર્ડર વખતે પાલિકા એ આપેલી બાંહેધરી

ગત તા.૩૦/૦૬/૨૦૧૫ના રોજ પાલિકા એ આપેલા ઓર્ડરમાં જણાવ્યું હતું કે, અરજીના અનુસંધાને પસંદગી સમિતિ અને ભરતી પ્રક્રિયા અનુસંધાને સહાયક સફાઈ કામદાર વર્ગ-૪ તરીકેની જગ્યા ઉપર શરતોને આધિન નિમણૂંક કરી અને તેની પાંચ વર્ષની મુદ્દત માટે તા.૦૬/૦૭/૨૦૧૫ થી તા.૦૫/૦૬/૨૦૨૦ સુધી કરવામાં આવી છે. ફિક્સ પગારની નીતિ અનુસાર માસીક રૂપીયા ૭૧૦૦/- ચુકવાશે. આ જગ્યા માટે પાંચ વર્ષ સુધી ફિક્સ વેતન આપીને પાંચ વર્ષ બાદ આ જગ્યા માટે પાલિકા એ ઠરાવેલ ધોરણે વેતન અપાશે.

- ગોધરા નગર પાલિકાના ૬૬ સફાઈ કામદારોનો પ્રશ્ન નહીં ઉકેલાય તો હડતાળની ચિમકી.
- સફાઈ મજુર સંઘ પંચમહાલ-દાહોદની પ્રમુખ અને સીઈઓને રજુઆત.
- લાંબા સમયથી પડતર પ્રશ્નો નહીં ઉકેલાતા અન્યાયની લાગણી.
- પાંચ વર્ષ પૂર્ણ થતાં તેઓને પૂરા પગારે કાયમી કરવા માંગ.
- અત્યાર સુધીનો તફાવત નાણાં બાકી છે તે ચુકવવા.
- દિવાળીના તહેવારોમાં ખરીદી કરવાની હોવાથી ચડેલો પગાર ચુકવવો.
- તહેવારોમાં જોગવાઈ અનુસાર બોનસ ચુકવવું.
- શિયાળાની ઋતુના ગરમ કપડાં આપવા.
- પાલિકાના વાંકે નગરજનોને ગંદકીમાં તહેવાર ઉજવણી કરવી પડે તેવી ભીતિ.

## ગોધરાની ભુગર્ભ ગટર લાઈનની કામગીરી અંગે ચર્ચા કરવા સભા બોલાવવા નારાજ પાલિકાના ૨૦ સભ્યોની માંગ

ગોધરા,
ગોધરા નગરના વિવિધ વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી ભુગર્ભ ગટરની કામગીરી નિયમ પ્રમાણે ન હોય યોગ્ય કાર્યવાહી અંગે ૫૧(૩) મુજબ ગોધરા નગર પાલિકાની સામાન્ય સભા ચર્ચા કરવા બોલાવવા માટે વિપક્ષના ૨૦ સભ્યોએ પ્રમુખ સમક્ષ માંગ કરી છે.

ચુંટાયેલા સભ્યોએ પ્રમુખને કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે ગોધરા નગરમાં રાજ્ય સરકાર દ્વારા (વુડા) નગરનો ગંદા પાણીના નિકાલ માટે નગર પાલિકાના દેખરેખ હેઠળ ભુગર્ભ ગટરની કામગીરી કરવામાં આવેલી છે.

ભુગર્ભ ગટર યોજના હેઠળ નગરમાં ભુગર્ભ ગટરની કામગીરી અંગે સભ્યો દ્વારા તપાસ કરવામાં આવેલ છે. તે મુજબ લાઈનો નાખવામાં સ્લોપ અને ડાયામીટર મેઈન્ટેન કરવામાં આવેલી નથી તથા કામગીરી ટેક્નીકલ રીતે પણ બરાબર જણાય આવેલી નથી. આવા કારણોસર નગરમાં અનેક જગ્યાએ ચેમ્બરો વારંવાર ગંદા પાણીથી ઉભરાય છે. જેથી રોગચાળો ફાટી નિકળવાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય છે. તેમજ ભુગર્ભ ગટરનું પાણી પાણીની લાઈનોમાં વારંવાર ભરાઈ જાય છે. જેનું રીપેરીંગ કામ કરવામાં સેવા સદન અને સ્થાનિક રહીશોને આર્થિક/આરોગ્યલક્ષી નુકશાન ભોગવવું પડે છે.

આ ભુગર્ભ ગટર યોજના સરકાર સાથે થયેલ કરારો મુજબ કોન્ટ્રાકટ એજન્સીને નિભાવણી કરવાની થાય છે. નગર પાલિકાના સભ્યો વારંવાર ફરીયાદો કરવા છતાં એજન્સીઓ દ્વારા સમયસર ફરીયાદોનો નિકાલ કરવામાં આવતો નથી અને સમગ્ર ગોધરા શહેર ભુગર્ભ ગટરના કારણે હેરાન-પરેશાન થઈ રહેલ છે.

મેઈન ચેમ્બર તથા હાઉસ ચેમ્બરો રોડ રસ્તાની સ્થળ-સ્થિતીને ધ્યાનમાં લીધા સિવાય આડેધડ બનાવવામાં આવેલ છે. જેથી વાહનોના અવર-જવરના કારણે વારંવાર ઢાંકણા તુટી જાય છે અને ઢાંકણા સમયસર બદલાવામાં ના આવતાં વારંવાર નાના-મોટા અકસ્માતો થતા રહે છે. આમ, નગરમાં ભુગર્ભ ગટર યોજના હેઠળ કરવામાં આવેલ કામગીરી ટેન્ડરની શરતો અને કરારોની બીલકુલ વિપરીત કરવામાં આવેલી છે. જેથી ભવિષ્યમાં સેવા સદન અને નગરજનોને નિભાવણી કરવામાં મોટું આર્થિક ખર્ચ ભોગવવું પડે તેમ છે. જેથી ભુગર્ભ ગટર યોજના હેઠળ થયેલ કામગીરીનું સેવા સદન દ્વારા ટેકનીકલ તપાસ કરાવવામાં આવે અને આ બાબત સમગ્ર શહેર માટે ભવિષ્યમાં ગંભીર પ્રકારની હોઈ સામાન્ય સભામાં ચર્ચા કરી રાજ્ય સરકારને રજુઆત કરવા વિનંતી છે. સામાન્ય સભા બોલાવવાની માંગ વિપક્ષે કરતાં રાજકીય ગરમાવો વ્યાપી ગયો છે.

### રજુઆત કરનાર સભ્યોના નામો

૧. સંજયકુમાર ચંપકલાલ સોની, ૨. મો.અકરમ અ.રહીમ પટેલ, ૩. ફાતેમા ઉનેદ પાધડીવાલા, ૪. નસીમબાનુ હબીબખાન પઠાણ (નુરી), ૫. યાકુબ અ.સલામ બકકર (તપેલી), ૬. સિદ્દીક મોહમંદ ઈસ્માઈલ દાંત (ચલાલીવાલા), ૭. ખુશ્બુ મો. કામરાન છકડા, ૮. નાઝનીન અસલમ કાલુ, ૯. સિદ્દીક મોહંમદ સાહેબખી (ડેની), ૧૦. શોયેબ અબ્દુલ મજીદ ચાયમન, ૧૧. મહેફુઝા ઉમરફારૂક બદામ, ૧૨. સાબેરા હાજી અબ્બાસ ગરીબા (ખરાદીની નોની), ૧૩. ઈલ્યાસ ખાલીદા ચંદા, ૧૪. અશરફ હુસેન ચાંદા, ૧૫. હિનાપરવીન આલમગીરી અન્સારી, ૧૬. ઝુલેખા હુસેન રહેમત, ૧૭. શોયેબ ઐયુબ ભીમલા, ૧૮. સાજીદ સિકંદર કરલા, ૧૯. હસીના એઝાઝ અહેમદ શેખ, ૨૦. ખદીજા અહેમદ પાડા.

## સિંગતેલના ભાવમાં રૂપિયા ૩૦નો ઘટાડો કરાતા ગૃહિણીઓમાં આનંદો



ગાંધીનગર,
તહેવારો સમયે ગૃહિણીઓ માટે રાહતના સમાચાર આવ્યા છે. સિંગતેલના ભાવમાં આજે રૂપિયા ૩૦નો ઘટાડો નોંધાયો છે. ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૨૦૦ રૂપિયા પહોંચ્યો છે ત્યારે હજુ સિંગતેલના ભાવ ઘટે તેવી ગૃહિણીઓ માંગ કરી રહી છે. દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે ગૃહિણીઓ માટે સારા સમાચાર આવ્યા છે. છેલ્લા ઘણા સમય થી સિંગતેલના ભાવમાં વધારો થતો હતો. પરંતુ સૌરાષ્ટ્રમાં મગફળીનું મબલક ઉત્પાદન થતા સિંગતેલના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. છેલ્લા એક અઠવાડિયામાં સિંગતેલના ભાવમાં ૨૦૦ રૂપિયા સુધીનો ઘટાડો નોંધાયો છે. સિંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૨૨૪૦થી ઘટીને ૨૧૮૦થી ૨૨૧૦ થયો છે. ગૃહિણીઓનું કહેવું છે કે, તહેવારોમાં તમામ લોકોના ઘરમાં ફરસાણ બનતું હોય છે ત્યારે સિંગતેલના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આગામી દિવસોમાં સિંગતેલના ભાવ ૧૮૦૦થી ૨૦૦૦ સુધી રહે તેવી ગૃહિણીઓ માંગ કરી રહી છે.

તો બીજી તરફ સિંગતેલના છેલ્લા એક સપ્તાહમાં રૂ. ૨૦૦નો ઘટાડો નોંધાયો છે. વેપારીનું કહેવું છે કે, સિંગતેલની ડિમાન્ડ ઘટી છે અને સૌરાષ્ટ્રના મોટા ભાગના માર્કેટ યાર્ડમાં મગફળીની આવક પણ વધુ છે. જોકે મગફળીના ભાવમાં ૧૦૦થી ૧૫૦ રૂપિયા ઘટ્યા હોવાથી પીલાણ માટે મગફળી મિલોમાં આવી રહી છે. સાથે જ ચીન દ્વારા ખરીદ કરતું સિંગતેલની માંગમાં ઘટાડો થતા તેની અસર પણ જોવા મળી રહી છે. દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે સિંગતેલના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીઓએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે સિંગતેલના ભાવમાં વધુ ઘટાડો નહિ થવાની શકયતા વેપારીઓ વ્યક્ત કરી હતી.

## પંચમહાલ જીલ્લામાં આજે ૮ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૦૪ થયો

ગોધરા,
પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૦૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા-૦૪, હાલોલ-૦૧, કાલોલ-૦૨, મોરવા(હ)-૦૧ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

- ૦૮ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૩.
- મૃત્યુ આંક - ૧૨૧.

નવા ૦૮ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૭૯૬ થવા પામ્યો છે.

પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૦૮ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે.

### ગોધરા શહેર માં વર્ષ ૨૦૧૫ માં નાણાં રોકી

## આર્થિક લાભ આપવાના નામે ૧૬.૧૭ લાખની છેતરપિંડીના ગુનામાં ચાર આરોપી સામે ફરિયાદ

ગોધરા,
ગોધરા શહેરમાં અશોકા ગેસ્ટ હાઉસમાં ૨૦૧૫ના વર્ષમાં ચાર ઈસમોએ ભેગા મળી મીટીંગ યોજી હતી અને ફરિયાદી તેમજ અન્ય વ્યકિતઓને વિશ્વાસમાં લઈ આપના ગૃપ તથા વિવિધ કંપની અલગ અલગ સ્કીમો બનાવી અમુક નાણાં રોકડમાં તેમજ એન.ઈ.એફ.ટી., આર.ટી.જી.એસ. અને આઈ.એમ.પી.એસ. થી મેળવી નાણાં મળ્યાની રસીદ આપી હતી અને ૧૬,૧૭,૦૦૦/-રૂપીયાની છેતરપિંડી વિશ્વાસઘાત કરી ષડયંત્ર કરી ગુનો કર્યાની ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેરના અશોકા ગેસ્ટ હાઉસમાં ૨૦૧૫ના વર્ષમાં રાજેશકુમાર ઉર્ફે રાજુ મણીલાલ પરમાર, મહંમદ આરીફ પઠાણ, નીતાબેન રાજેશકુમાર પરમાર, કશીશ ઉર્ફે આરતી મહંમદ આરીફ પઠાણ ઉર્ફે જાનુ તમામ રહે.વડોદરા એ ૧૬ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ મીટીંગ યોજી હતી. મીટીંગમાં ગુલાબસિંહ કાભસિંહ બારીયા અને અન્ય વ્યકિતઓની સાથે મીટીંગ યોજી વિશ્વાસમાં લીધા હતા અને અપના ગૃપ તથા વિવિધ કંપનીઓમાં અલગ-અલગ સ્કીમોની યોજના બનાવી રોકેલ નાણાં સ્કીમો મુજબ મોટાપ્રમાણમાં આર્થિક ફાયદો આપવામાં આવશે તેમ કહીને વિશ્વાસ કેળવ્યો હતો અને ગુલાબસિંહ બારીયા અને અન્ય વ્યકિતઓ પાસેથી નાણાં રોકડમાં તેમજ અમુક નાણાં એન.ઈ.એફ.ટી., આર.ટી.જી.એસ. અને આઈ.એમ.પી.એસ.થી મેળવેલ નાણાંની રસીદો આપીને ગુલાબસિંહ બારીયા પાસેથી કુલ ૧૬,૧૭,૦૦૦/-રૂપીયાની રકમ છેતરપિંડી કરી મેળવી વિશ્વાસઘાત કર્યા હતા. આરોપીઓ પાસે તમામ ડોકયુમેન્ટ ખોટા હોવાનું જાણતા હોવા છતાં તેનો સાચા તરીકે ઉપયોગ કરી કરાવી આયોજન પૂર્વક ષડયંત્ર રચી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે. પોલીસે ચાર આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબાના ગોમા નદીમાંથી રેતીની હેરાફેરી દરમ્યાન વાહનો રોકીને પૈસા પડાવનારા વિરૂદ્ધ રજુઆત

ઘોઘંબા,
ઘોઘંબાની ગોમા નદીના પટમાં રેતીના બ્લોકમાંથી રેતીની હેરાફેરી દરમ્યાન અજાણ્યા માણસો વાહનો રોકી ખોટી અરજીઓ કરી પૈસા પડાવવા બાબતે કલેકટરને રજુઆત કરાઈ છે.

ઉપલેટાના ગૌતમ બોરખતરીયાએ કલેકટરને કરેલી રજુઆતમાં જણાવ્યું હતું કે, પંચમહાલ જીલ્લાના ઘોઘંબા તાલુકાના પાદરડીના રે.સર્વે નં.૧૦૮/૧૦૯/૧૧૦/૧૧૧ને લાગુ ગોમા નદી પટમાં સાદી રીતેનો બ્લોક નં.૩ હેકટર ત્રણ હોવી ગોવિંદ કનુજી વણજારના નામે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી છે અને પાવરદાર ગૌતમભાઈ બી.બોરખતરીયા રેતી લીઝનું કામકાજ સંભાળે છે અને સરકારના નિયમ મુજબ રોયલ્ટી પાસ ઈશ્યુ કરી ખાણ કામ કરીએ છીએ અને ગાડીઓ રેતી ભરી સીમલીયા ગામથી પસાર થાય છે. તો સીમલીયા ગામ પાસે અજાણ્યા લોકો રેતીની ગાડીઓ રોકી ધમકીઓ અને પૈસા પડાવવા માટે લીઝ સંચાલકને ફોન કરી પૈસા પડાવવાની કોશીષ કરે છે અને પૈસા ન આપવામાં આવે તો ઓવરલોડ ગાડીઓ અને ગેરકાયદેસર ખાણકામની ખોટી અરજીઓ કરી પરેશાન કરવામાં આવે છે અને આ બાબતે અગાઉ દામાવાવ પોલીસ સ્ટેશનમાં અરજીઓ કરેલી છે. તો આવા ખોટી અરજી કરતા બની બેઠેલા આગેવાનો સામે યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે.

## ગોધરા પટેલવાડા કાપડની દુકાનમાં આકસ્મિત રીતે લાગેલ આગમાં સામાન બળીને ખાક થયો


તસ્વીર : આસીફ ઘંત્યા, ગોધરા

ગોધરા,
ગોધરા શહેરના પટેલવાડા વિસ્તારમાં મોડી રાત્રે દુકાનમાં આગ લાગતાં તમામ સામાન બળીને ખાક થઈ ગયો હતો.

ગોધરા શહેરના હાર્દ સમા અને શહેરની મધ્યમાં આવેલા પટેલવાડા વિસ્તારમાં આવેલી કાપડની દુકાનમાં મંગળવારની મોડી રાત્રે એકાએક આગ ભભૂકી ઉઠી હતી. જોતજોતામાં આજે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. જેને લઈને સ્થાનિક રહેવાસીઓ દ્વારા પાલિકાના ફાયર બ્રિગેડ ને જાણ કરવામાં આવી હતી. ફાયર વિભાગના બે ફાયર ફાઈટર તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર પાણીનો મારો ચલાવ્યો હતો. તો બીજી તરફ નજીકમાં જ વીજ ટ્રાન્સફોર્મર આવેલું હોવાથી અગમચેતીના ભાગરૂપે વીજ કંપની દ્વારા વીજપુરવઠો પણ બંધ કરવામાં આવ્યો હતો. એક કલાકની જહેમત બાદ ફાયર બ્રિગેડ દ્વારા આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. જો કે આગની ઘટનામાં દુકાનમાં રહેલો તમામ સમાન સળગીને ભસ્મીભૂત થઈ જવા પામ્યો હતો.



તસ્વીર : કમલ પંચાલ, ગોધરા

VHP અને ભારત વિકાસ પરિષદ દ્વારા કલેકટરની અધ્યક્ષતામાં સિવિલ હોસ્પિટલની તબીબોનું કોરોના વોરીયર્સ તરીકે સન્માન કરાયું